# આ મહાવીરનું શાશન છે

આ મહાવીરનું શાશન છે (૨)

જ્યાં સૌનાં સરખા આસન છે (૨)

આ મહાવીરનું શાશન છે (૨)

વીતરાગનું મંદિર મોટું, મૂર્તિ માનવતાની (૨)

સત્યનો મંગલ દીપ પ્રકાશે, આરતી છે અહિંસાની (૨)

જ્યાં શાંતિનું સંકીર્તન છે (૨), આ મહાવીરનું શાશન છે (૨)

ઊંચ નીચના ભેદભાવ નહિ, નહિ કુળનાં અભિમાન (૨)

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્રનાં એક સરીખા સ્થાન

ગૌતમ જન્મ્યા બ્રાહ્મણ કુળમાં, અભયકુમાર તો ક્ષત્રિય કુળમાં,

જમ્બુસ્વામી વૈશ્ય થયા તો, હરીકેતી હરિજનમાં

અભેદનું જ્યાં દર્શન છે (૨), આ મહાવીરનું શાશન છે (૨)

મહાવીરે દુનિયાને દીધી, અનેકાન્તની દ્રષ્ટિ (૨)

જેના શબ્દે શબ્દે શાતા, પામે સારી સૃષ્ટિ (૨)

જ્યાં સર્વોદયનું શિક્ષણ છે (૨), આ મહાવીરનું શાશન છે (૨)

2016-06-07

https://www.youtube.com/watch?v=yYY9M9lTj8I

https://www.youtube.com/watch?v=Ci4A5PRe4PA